ફરી દોડતી થઇ જંગલની રાણી

વઘઇ-બીલીમોરા નેરોગેજનું વરસાદના કારણે ધોવાયેલા ટ્રેકનું સમારકામ પૂર્ણ

સાપુતારા : 17-09-2026 બીલીમોરાથી વઘઈ જતી નેરોગેજ ટ્રેન સેવા અંદાજે એક માસ અગાઉ દક્ષિણ ગુજરાતમાં પડેલા મુશળધાર વરસાદને કારણે રેલવે ટ્રેક ધોવાઈ જતા બંધ કરવામાં આવી હતી. બે દિવસ અગાઉ નેરોગેજ રેલવે ટ્રેકનું જરૂરી સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ એન્જિન દોડાવી ટ્રેકનું ફિટનેસ પરીક્ષણ પણ કરવામાં આવ્યું હતુ.આ દરમિયાન, વઘઈ ખાતે લાંબા સમયથી રોકાયેલી નેરોગેજ ટ્રેનને પણ એન્જિનની મદદથી બીલીમોરા ખાતે લાવવામાં આવી હતી. આ ટ્રેન ફરી શરુ થતાં દૈનિક પરિવહન કરતાં આદિવાસીઓને તો મોટો લાભ થશે સાથે સાથે પ્રકૃતિપ્રેમીઓ માટે પણ આનંદના સમાચાર છે.

શરૂઆત: આ ટ્રેનની શરૂઆત વર્ષ 1913માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા દ્વારા કરવામાં આવી હતી.

મૂળ હેતુ: સાગના લાકડાના પરિવહન માટે આ સુવિધા ઊભી કરવા માટે આ રેલવે લાઇન શરૂ કરાઈ હતી.

મૂળ હેતુ: ગાયકવાડ બરોડા સ્ટેટ રેલવે : શરૂઆતમાં GBSR હેઠળ ચાલતી હતી, જે આઝાદી પછી પશ્ચિમ રેલવેનો ભાગ બની

સામાન્ય કોચમાં માત્ર રૂપિયા 20માં સફર

ગિરીશ ભોયે

ટ્રેનનાં સ્ટોપેજ

- બીલીમોરા
- ગણદેવી
- ચીખલી રોડ
- રાનકૂવા
- ઢોલકૂવા
- અનાવલ
- વાંસદા રોડ
- કેવડી
- વઘઇ

ટોય ટ્રેનની મુખ્ય ખાસિયતો

પ્રાકૃતિક અનુભવ: 63 કિલોમીટર લાંબો આ રૂટ અંબિકા નદીના કિનારે અને ડાંગના ગાઢ જંગલો વચ્ચેથી પસાર થાય છે.

ધીમી સફર: આ ટ્રેન અંદાજે 20 થી 25 કિમી/કલાકની ધીમી ઝડપે ચાલે છે, જેથી મુસાફરો આસપાસના કુદરતી દ્રશ્યોનો પૂરો આનંદ માણી શકે છે.

ઐતિહાસિક વારસો: આજે પણ તેમાં જૂના જમાનાના લાકડાના કોચ અને નેરોગેજ ટ્રેક જોવા મળે છે.

ડાંગમાં ઘરમાં ઘૂસી દીપડો બળદનું મારણ કરી ગયો

વિસ્તારમાં દહેશતનો માહોલ, વન વિભાગે પાંજરું મૂકી તજવીજ હાથ ધરી

સાપુતારા: ડાંગ જિલ્લાનાં નડગખાદી ગામના ચિકાર ફળિયામાં શિકારની શોધમાં આવેલા એક દીપડાએ રહેણાક ઘરના ઢોરના શેડમાં ઘૂસી બાંધેલા નાના બળદનું મારણ કરતાં સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ વ્યાપી ગયો છે.

આ ઘટનાની વિગત મુજબ, ગત ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ની મોડી રાત્રે ઘોઘલી ફીડરમાં સર્જાયેલા ફોલ્ટના કારણે વીજળી બંધ થઈ ગઈ હતી. ત્યારે ચિકાર ફળિયાના સ્થાનિક રહીશ રાજુભાઈ શિલુભાઈ ચૌધરીના ઘર નજીક આવેલા ઢોરના શેડમાં ઘૂસી દીપડાએ ત્યાં બાંધેલા બળદ પર હુમલો કરી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. અન્ય પશુઓના ડરભર્યા અવાજો સાંભળી ઘરના સભ્યો તુરંત જાગી ગયા હતા અને તેમણે બૂમાબૂમ કરતાં દીપડો ભાગી છૂટ્યો હતો. આ ઘટનાની જાણ થતાં ચિંચિનાગાંવઠા રેન્જના RFOના માર્ગદર્શન હેઠળ પીંપરી બીટના રાઉન્ડ ફોરેસ્ટર અફસનાબેન પોતાની ટીમ સાથે સ્થળ પર દોડી આવ્યા હતા. દીપડાના ત્રાસથી ગ્રામજનોને મુક્તિ અપાવવા માટે વન વિભાગ દ્વારા ઘટનાસ્થળે પાંજરું ગોઠવી દેવામાં આવ્યું છે અને તેની હિલચાલ પર સતત નજર રાખવામાં આવી રહી છે. આ સાથે જ વન અધિકારીઓએ ચિકાર ફળિયાના ગ્રામજનોને રાત્રિના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને પૂરેપૂરી સાવચેતી રાખવા અપીલ કરી છે.

બીલીમોરામાં ૧૪.૩૨ લાખના તાંબા-પિત્તળના ભંગાર સાથે JCB ડ્રાઇવર ફરાર

કાટમાળ ઉતારવાનું કામ કરતી કંપનીમાં ચોરી કરતો ડ્રાઈવર સીસીટીવીમાં કેદ

બીલીમોરા: બીલીમોરા નજીક દેવસર ખાતેની વિનાયક કાટમાળ એન્ડ ડિમોલેશન કંપનીનો જેસીબી ડ્રાઇવરો ૧૪.૩૨ લાખના તાંબા પીતલનો કાટમાળ ચોરી કરી નાસી છૂટ્યો હતો.

બીલીમોરા દેવસર કપડાઈ મોહલ્લામાં આવેલી વિનાયક કાટમાળ એન્ડ ડિમોલેશન કંપની કાટમાળ ઉતારવાનો કોન્ટ્રાક્ટ રાખે છે. જૂના મકાનો, ફેક્ટરી, શેડ, ઓફિસ, દુકાન વગેરેને ઉતારવાનો કોન્ટ્રાક્ટ રાખી તેને ડિમોલેશન કરી કાટમાલ રાખી ઉતારી વેચાણનું કામકાજ કરે છે. આ કંપનીમાં જૂનો તાંબાનો ૮૫૧ કિલોગ્રામ કાટમાળ કિ.૧૦ લાખ અને પિત્તલનો ૪૮૦ કિલોગ્રામ કિ. ૪.૩૨ લાખ મળી ૧૪.૩૨ લાખનો તાંબા-પિત્તળનો ભંગાર કંપનીમાં જેસીબી ઉપર નોકરી કરતો અને કંપનીમાં જ માલિકે રૂમ આપી રાખેલા ડ્રાઈવર અનુપકુમાર ભાભીખાન સાહની (હાલ રહે., દેવસર વિનાયક કાટમાલના કમ્પાઉન્ડમાં, મૂળ રામચંદ્રપુર, બિહાર) તા. ૧૩ ઓગસ્ટથી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. કંપનીના માલિક ગિરીશચંદ્ર શિવશંકર યાદવ (ઉ.વ.૪૩, રહે., ડી-૪૮, નરોત્તમ પાર્ક, ગાયકવાડ મિલ ચાલ રોડ, બીલીમોરા) એ તેની કંપનીમાં રાખેલ તાંબા પિત્તળનો સામાન ઓછો દેખાતા ત્યાં રાખેલા સીસીટીવી કેમેરા ચેક કરતાં ડ્રાઇવર અનુપકુમાર સાહની તાંબા પિત્તલની ચોરી કરતો દેખાયો હતો. ડ્રાઈવર વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા પોલીસે ગુનો નોંધી તેની તપાસ હાથ ધરી છે.

૧.૦૫ કરોડના ચેક રિટર્ન કેસમાં સુરતના વેપારીને ૨ વર્ષની જેલ

નવસારી કોર્ટનો આવકવેરાને જાણ કરવા નિર્દેશ

નવસારી: નવસારીની એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના કેસમાં સુરતના ડિંડોલી વિસ્તારમાં રહેતા નિલેશભાઈ બળવંતરાય દેસાઈને તકસીરવાન ઠેરવી ૨ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. એટલું જ નહીં, ફરિયાદીને રૂ.૧,૧૦,૦૦,૦૦૦નું વળતર ૩૦ દિવસમાં ચૂકવવાનો હુકમ કરતાં અદાલતે સ્પષ્ટ કર્યું છે કે વળતર ન ચૂકવાય તો આરોપીએ વધુ ૬ માસની સાદી કેદ ભોગવવી પડશે. મોટી રકમના વ્યવહારને ધ્યાનમાં રાખીને કોર્ટે આવકવેરા વિભાગને પણ નિયમોનુસાર કાર્યવાહી કરવા નિર્દેશ કર્યો છે.

કબીલપોર સ્થિત 'આનંદ એન્ટરપ્રાઇઝ'ના તુષાર મોહનભાઈ રાણા તરફથી એડવોકેટ દીપક ગુપ્તાએ કેસની અસરકારક રજૂઆત કરી હતી. ફરિયાદી પક્ષની રજૂઆત મુજબ મિલકતના વ્યવહારને લગતા નાણાકીય હિસાબ સામે આરોપીએ નોટરી સમક્ષ બાંહેધરી ખત કરી આપ્યું હતું અને રૂ.૧.૦૫ કરોડનો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો ચેક આપ્યો હતો. ચેક બેંકમાં રજૂ થતાં રિટર્ન થયો હતો અને ત્યારબાદ કાયદેસરની નોટિસ આપવા છતાં રકમની ચુકવણી કરવામાં આવી ન હતી. એડવોકેટ ગુપ્તાએ ચેક પરની સહી આરોપીની જ હોવાનું તથા નાણાકીય વ્યવહારને સમર્થન આપતા દસ્તાવેજો અદાલત સમક્ષ રજૂ કર્યા હતા. સાથે જ કાયદેસરના લેણાં અંગે ઊભા થતા કાનૂની પૂર્વાનુમાનનો આધાર લઈ આરોપી પક્ષે આ પૂર્વાનુમાનને વિશ્વસનીય પુરાવાથી ખંડિત કરવું જરૂરી હોવાની દલીલ કરવામાં આવી હતી.

નવસારીની ૧૭૩ વર્ષ જૂની અગિયારીને મળ્યું પુનર્જીવન

નવસારી: નવસારીના પાંચ હાટડી વિસ્તારના રામા મહોલ્લામાં જમશેદ બાગ નજીક આવેલી ૧૭૩ વર્ષ જૂની 'દો વાગર લેડી આવાંબાઈ જમશેદજી જીજીભોય અગિયારી'ને તેના ઐતિહાસિક અને ધાર્મિક વારસાને જાળવી રાખીને નૂતન ભવનનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. સર જે. જે. ચેરિટેબલ ફંડના સહયોગથી હાથ ધરાયેલા નવનિર્માણથી અગિયારીને નવી ભવ્યતા મળવાની સાથે તેની સાથે જોડાયેલી ઐતિહાસિક સ્મૃતિઓને પણ જાળવવાનો પ્રયાસ થયો છે.

અગિયારીના નૂતન ભવનના અર્પણ પ્રસંગે મહાન દાનવીર સર જમશેદજી જીજીભોયના આઠમા વારસદાર રુસ્તમજી જીજીભોય

બેરોનેટની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. નૂતન ભવનના અર્પણ પ્રસંગે વડા દસ્તુરજીની નિશ્રામાં ધાર્મિક પરંપરા મુજબ પવિત્ર જશન પૂજન યોજાયું હતું.

પ્રસંગે સામાજિક અગ્રણી યઝદી કાસદ, જાણીતા નાટ્યકાર યઝદી કરંગિયા, શેઠ આર. જે. જે. તથા સર જે. જે. હાઈસ્કૂલના શિક્ષક પરિવાર સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાયબર ફ્રોડ માટે બેંક ખાતાં ખોલાવતા બે ઠગ અમદાવાદથી ઝડપાયા

નવસારી: 'Filmora TV' એપ મારફતે રૂ.૧,૮૯,૦૦૨ની રકમ ટ્રાન્સફર કરાવી સાયબર છેતરપિંડી કરવાના ગુનામાં નવસારી સાયબર ક્રાઈમ પોલીસે અમદાવાદથી મહમદ સોહેલ ગુલામ હુસેન અજમેરી (ઉં.વ.૨૮) તથા મોહંમદ નવેદ ઈર્શાદ હુસેન સિદકી (ઉં.વ.૩૧)ને ઝડપી પાડ્યા છે. અગાઉ ઝડપાયેલા આરોપી પાસેથી મળેલી કડીઓ આધારે પોલીસે ઝડપી લીધા હતા આ આરોપીઓ લોકોને કમિશનની લાલચ આપી તેમના નામે બેંક ખાતાં ખોલાવતા હતા. ત્યારબાદ સાયબર ફ્રોડની રકમ આ ખાતાંમાં ટ્રાન્સફર કરાવી ઉપાડી આગળના મળતિયાઓ સુધી પહોંચાડતા હતા.

વલસાડના પંચલાઈના ખેતરમાંથી રૂ.75 હજારનો દારૂ ઝડપાયો

વલસાડ: વલસાડ જિલ્લા એલ.સી.બી. પોલીસે પંચલાઈ ટેકરી ફળિયામાં જશુબેન ભગુભાઈ પટેલના ખેતરની ખુલ્લી જગ્યામાંથી કાળા રંગની પ્લાસ્ટિકની થેલીઓ મળી આવી હતી. જેની તલાશી લેતાં વ્હીસ્કી અને બિયરની કુલ ૩૩૬ નંગ ટીન/બોટલો જેની કિમત ૭૫,૪૭૬ મળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો ખેતરમાં સંતાડી રાખનાર અજાણ્યાને વોન્ટેડ જાહેર કરી ડુંગરી પોલીસ આગળથી તપાસ હાથ ધરી છે.

આધારની જેમ 'વોટર સેવા કેન્દ્રો' શરૂ કરો

નવસારીના વોર્ડ-૧૩ના નગરસેવકોની કલેક્ટરને રજૂઆત

નવસારી: મતદાર ઓળખકાર્ડમાં સામાન્ય સુધારો કરાવવા માટે નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૩ના નગરસેવકોએ જિલ્લા તંત્ર સમક્ષ મહત્ત્વપૂર્ણ રજૂઆત કરી છે. વોર્ડ નં. ૧૩ના નગરસેવક તથા ગૃહ નિર્માણ અને સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેન વિજયભાઈ મનુભાઈ રાઠોડ અને ટ્રાન્સપોર્ટ સમિતિના ચેરમેન ભાવિનકુમાર એસ. નાયક દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી આધાર સેવા કેન્દ્રોની જેમ મતદાર ઓળખકાર્ડ માટે પણ સ્થાનિક સ્તરે સેવા કેન્દ્રો શરૂ કરવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે આધાર કાર્ડમાં નામ, સરનામું, જન્મતારીખ સહિતની વિગતોમાં સુધારા માટે નાગરિકોને વિવિધ સ્થળોએ સેવા કેન્દ્રોની સુવિધા મળે છે. પરંતુ મતદાર ઓળખકાર્ડમાં આવી વિગતોમાં સુધારો કરાવવાની જરૂર પડે ત્યારે પ્રક્રિયા અંગે માર્ગદર્શન મેળવવાથી લઈને અરજીની કાર્યવાહી સુધી નાગરિકોને મુશ્કેલી અનુભવવી પડે છે. સ્થાનિક ઝોન અને તાલુકા મથકો પર 'વોટર સેવા કેન્દ્રો' શરૂ કરવામાં આવે, જ્યાં મતદાર કાર્ડમાં નામ, સરનામું, જન્મતારીખ સહિતની વિગતોમાં સુધારા-વધારા માટે અરજી સ્વીકારવા, જરૂરી માર્ગદર્શન આપવા અને પ્રક્રિયાને સરળ બનાવવા વ્યવસ્થા કરવામાં આવે. આવી સુવિધા ઉપલબ્ધ થાય તો નાગરિકોને દૂરની કચેરીઓ સુધી જવાની જરૂરિયાત ઘટી શકે.

SELFIE WITH GANESHA

ગુજરાતમિત્ર

તમે અમને સેલ્ફી મોકલી શકો છો

gujaratmitra

તળાવ ફળિયું યુવા ગ્રુપ, તડકેશ્વર, તા.અરેઠ, જિ.સુરત

તિથિ આશિષ પટેલ, ખાપરવાડા જોરા ફળિયા, બીલીમોરા, નવસારી

રાજેશકુમાર પટેલ, સડક ફળિયા, ચણવઈ, વલસાડ

જીતેન્દ્રસિંહ એન. ઠાકોર, જનકપુરી સોસાયટી, કીમ પોસ્ટ ઓફિસ રોડ, ઓલપાડ

હેમંત પટેલ, બાળ યુવક મંડળ, બીલીમોરા, નવસારી

દિલીપ પટેલ, પ્લેટીનમ પેલેસ, સાયણ

શબ્દોના સરોવર સમાન દૈનિક ગુજરાતમિત્રને ૧૬૪ વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા...
એક શુભેચ્છક
DI-050

સૌથી વિશ્વસનીય અખબાર ગુજરાતમિત્રને ૧૬૪ વર્ષમાં પ્રવેશ બદલ શુભકામના...
એક શુભેચ્છક
DI-051

સૌથી વિશ્વસનીય અખબાર 'ગુજરાતમિત્ર'ને ૧૬૪ માં વર્ષમાં પ્રવેશ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન
એક શુભેચ્છક
DI-044

Best Wishes to 'Gujaratmitra' on completed 163 years
Well Wishers
DI-045

ADITYA BIRLA GRASIM
BEST WISHES TO GUJARATMITRA FOR COMPLETING 163 YEAR
Birla Cellulose
BIRLA CELLULOSIC
Birladham, Kharach, Kosamba (R.S.),
Dist. Bharuch (Gujarat)–394 120
Tel: 02646 270001-5, 270301-5
liva natural fluid fashion
"LIVA" FABRIC - Natural Fluid Fashion
"LIVA" is a leading Fashion Fabric Brand from Aditya Birla Group. The Fabric has a sense of comfort and vast versatility.
Birla viscose, Birla modal, Birla excel, Birla puroexcel, Birla purocel